ખોરાક અને ઔષધ નિયમન વિભાગની મોટી લાલઆંખ: નડિયાદ, મહુધા અને કઠલાલની હોટલ-કેન્ટીનો પર દરોડા

ખેડા જિલ્લામાં ગંદકી બદલ બે હોટલ તાત્કાલિક બંધ કરવા આદેશ

તંત્ર દ્વારા ૧૦.૫ કિલો બિનઆરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૪

ખેડા જિલ્લાના નાગરિકોને શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત ખાદ્યચીજો મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા એક મોટી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. કલેક્ટરની સૂચના અને માર્ગદર્શન હેઠળ તંત્રની ટીમોએ બે દિવસ નડિયાદ શહેર તેમજ મહુધા અને કઠલાલ પંથકની હોટલો, હોસ્ટેલ્સ અને કેન્ટીનોમાં સઘન આકસ્મિક તપાસ હાથ ધરી કડક શિક્ષાત્મક પગલાં લીધા છે.

ખેડા જિલ્લાના ફાગવેલ, મહુધા અને કઠલાલ પંથકમાં ૬ પેઢીઓની ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ૨૦૦૬ હેઠળ સઘન તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન રયજીપુરા (તા. મહુધા) ખાતે આવેલી 'હોટલ વિર વચ્છરાજ શુદ્ધ કાઠિયાવાડ'માં સેનિટેશન અને હાઈજીનિક સ્થિતિ અત્યંત દયનીય જણાતા, ફૂડ વિભાગે તેને તાત્કાલિક ધોરણે ધંધો બંધ કરવા કડક સૂચના આપી હતી. જેના પગલે સંચાલકોએ પોતાની ભૂલ સ્વીકારી સ્વેચ્છાએ સુધારો ન થાય ત્યાં સુધી ધંધો બંધ રાખવાની લેખિત બાહેંધરી આપી છે. આ

ઉપરાંત હોટલ શ્રીજીને સુધારણા નોટિસ પાઠવવામાં આવી હતી અને હોટલ સ્ટારમાંથી ૨ ખાદ્ય નમૂનાઓ લેવામાં આવ્યા હતા.

નડિયાદ શહેરમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓની હોસ્ટેલ અને કેન્ટીન સહિત અન્ય ૬ પેઢીઓમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન પીપલગ ખાતે આવેલી પ્રખ્યાત 'મેન્ગો કાઉન્ટી'માંથી ખાદ્ય પદાર્થોના ૫ નમૂનાઓ લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલાયા છે અને કાયદાકીય ક્ષતિઓ બદલ તેને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. જ્યારે 'રાધે સુરતી ફેન્સી ઢોસા'માં પણ સેનિટેશન અને હાઈજીનિક સ્થિતિ અત્યંત ખરાબ જણાતા તેને ધંધો બંધ કરવા સૂચના આપવામાં આવી હતી, જેના પગલે સંચાલકે સ્વેચ્છાએ સુધારા ન થાય ત્યાં સુધી ધંધો બંધ રાખવાની લેખિત બાંહેધરી આપી છે. આ સાથે તમામ સંચાલકોને તમામ જોગવાઈનું ચુસ્ત પાલન કરવા કડક તાકીદ કરી છે.

તપાસના દાયરામાં આવેલી પેઢીઓ

હોટલ વિર વચ્છરાજ શુદ્ધ કાઠિયાવાડ (રયજીપુરા, તા. મહુધા) (તાત્કાલિક ધંધો બંધ કરાવાયો), શ્રી રામદેવ ચૌધરી હોટલ (ફાગવેલ), હોટેલ રોયલ (કઠલાલ), હોટલ શ્રીજી (ફાગવેલ) (ઇમ્પ્રુવમેન્ટ નોટિસ અપાઈ), હોટેલ ડીસેન્ટ (ફાગવેલ), હોટલ સ્ટાર (૨ નમૂના લેવાયા) આ ઉપરાંત નડિયાદ શહેરમાં મેન્ગો કાઉન્ટી (પીપલગ) (૫ નમૂના લેવાયા અને ઇમ્પ્રુવમેન્ટ નોટિસ અપાઈ), રાધે સુરતી ફેન્સી ઢોસા (તાત્કાલિક ધંધો બંધ કરાવાયો), શ્રીનારાયણ ડાયનીંગ હોલ, શ્રીનારાયણ ડાયનીંગ હોલ - ગર્લ્સ હોસ્ટેલ એલ.જે. બોયસ હોસ્ટેલ, આયુર્વેદિક કોલેજ કેન્ટીન.

આણંદ આરોગ્ય તંત્ર ઈનચાર્જ સહારે, કામગીરી પર માઠી અસર

એક જ અધિકારી પાસે ચાર-ચાર જવાબદારી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદ જિલ્લામાં આરોગ્યલક્ષી કામગીરી અને ખાસ કરીને હોટલ-રેસ્ટોરન્ટ સહિતના ખાણીપીણીના વ્યવસાયોના આરોગ્ય તથા સ્વચ્છતા સંબંધિત નિયમોના નિયંત્રણની કામગીરી હાલમાં ઈનચાર્જ અધિકારીઓના સહારે ચાલી રહી હોવાની સ્થિતિ વચ્ચે તંત્રની કામગીરીની અસરકારકતા સામે સવાલો ઊભા થયા છે.

આણંદ-કરમસદ મનપા સહિત જિલ્લામાં આરોગ્ય વિષયક મહત્વપૂર્ણ નિર્ણયો અને કામગીરી માટે કાયમી અધિકારીના અભાવે વધારાના હવાલા સોંપવામાં આવતા અધિકારી પર કામગીરીનું ભારણ વધ્યું છે.

મળતી વિગતો મુજબ અગાઉ આણંદ-કરમસદ મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર તરીકે આણંદ જિલ્લાના મેલેરિયા અધિકારી ડૉ. રાજેશ પટેલને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. જોકે તેઓ આગામી ચાર મહિના માટે વિદેશ પ્રવાસના કારણે રજા પર હોવાથી મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર તથા મેલેરિયા અધિકારીના હવાલા સહિતની જવાબદારી આણંદના ક્વોલિટી મેડિકલ ઓફિસર ડૉ. રાકેશ પટેલને સોંપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ડૉ. રાકેશ પટેલ પાસે અગાઉથી જ એપિડેમિક મેડિકલ ઓફિસરની વધારાની જવાબદારી છે. આમ, હાલમાં એક જ અધિકારી પાસે આરોગ્ય વિભાગની ચાર જેટલી મહત્વપૂર્ણ જવાબદારીઓ આવી જતા દૈનિક વહીવટી કામગીરી ઉપરાંત સ્થળ કામગીરીને પૂરતો સમય ફાળવવો મુશ્કેલ બને તેવી સ્થિતિ સર્જાઈ છે.

જન્મ-મરણ નોંધણી પોર્ટલ પર વિગતોની ખરાઈ, વિવિધ આરોગ્યલક્ષી અહેવાલો, રોગચાળા સંબંધિત કામગીરી, સ્થળ તપાસ અને વહીવટી કામગીરી જેવી અનેક જવાબદારીઓ પણ આરોગ્ય અધિકારીએ સંભાળવાની રહે છે. એક જ અધિકારી પાસે અનેક મહત્વપૂર્ણ હવાલા હોવાના કારણે પ્રાથમિકતા નક્કી કરવામાં તેમજ દરેક કામગીરીને સમયસર પૂર્ણ કરવામાં મુશ્કેલી ઊભી થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

બે બાળકોના મોતમાં રિસોર્ટ માલિકની બેદરકારી ખુલી !

ઉમેટા કામધેનુ રિસોર્ટમાં ડૂબી જવાથી જોડિયા બાળકોના મોતમાં માલિક સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૪

આંકલાવ તાલુકાના ઉમેટા ગામ પાસે આવેલ કામધેનુ રિસોર્ટના સ્વિમિંગ પૂલમાં સાત દિવસ અગાઉ બે માસૂમ જોડિયા ભાઈઓના ડૂબી જવાથી થયેલા કરુણ મોતની ઘટનામાં પોલીસે રિસોર્ટના માલિક શૈલેષ ઠક્કર વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

વડોદરાના તાંદળજા વિસ્તારમાં રહેતા અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા મહેફૂઝ શહેનુર સીદ્દીકી ગત ૧૫મી તારીખે પત્ની, ત્રણ પુત્રો અને પુત્રી સાથે ઉમેટાના કામધેનુ રિસોર્ટમાં ફરવા આવ્યા હતા. બીજા દિવસે ૧૬મી તારીખે સવારે સાડા નવ વાગ્યાની આસપાસ જ્યારે પરિવાર નાસ્તો કરી રહ્યો હતો, ત્યારે તેમના ૮ વર્ષના બે જોડિયા પુત્રો રમતા-રમતા નીકળી ગયા હતા. સ્વિમિંગ પૂલ તરફ ગયેલા બંને બાળકો નહાવા પડતાં જ ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. પરિવાર દ્વારા શોધખોળ કરવામાં આવતા બંને ભાઈઓ સ્વિમિંગ પૂલમાંથી મરણ હાલતમાં મળી આવ્યા હતા.

આ ઘટના અંગે આંકલાવ પોલીસે કરેલી તપાસમાં બહાર આવ્યું છે કે, વડોદરા સ્થિત રિસોર્ટ માલિક શૈલેષ ઠક્કર દ્વારા ધંધાદારી ધોરણે સ્વિમિંગ પૂલ ચલાવવામાં આવતો હોવા છતાં મુલાકાતીઓ તેમજ બાળકોની સુરક્ષા માટે નિયમોનું કોઈ જ પાલન કરવામાં આવ્યું ન હતું. આ ગંભીર બેકાળજીને પગલે પોલીસે મૃતક બાળકોના પિતા મહેફૂઝ સીદ્દીકીની ફરિયાદના આધારે રિસોર્ટ માલિક શૈલેષ ઠક્કર સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી તેજ કરી છે.

વૈશાલી ગરનાળા અને કેનાલના બ્રિજની કામગીરી લંબાતા ટ્રાફિક ડાયવર્ઝન જાહેર

નડિયાદમાં વૈશાલી ગરનાળુ અને બ્રિજનું કામ હજુ છ માસ ચાલશે

વહીવટી તંત્ર દ્વારા ત્રણ મહત્વપૂર્ણ કામોની મુદત લંબાવવામાં આવી

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૪

નડિયાદ અને આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા વિકાસ અને મરામતના કામોમાં વિલંબ થવાને કારણે વાહનચાલકોએ હજુ વધુ સમય માટે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો પડશે. વહીવટી તંત્ર દ્વારા વૈશાલી સિનેમા નજીકના ગરનાળા તેમજ નડિયાદ શાખા નહેર પરના બે બ્રિજના નવીનીકરણની કામગીરીની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. જેના પગલે ડાયવર્ઝ લંબાવવામાં આવ્યું છે.

વૈશાલી સિનેમા ગરનાળાનું કામ ૨૮મી ફેબ્રુઆરી સુધી લંબાયું

નડિયાદમાં વૈશાલી ગરનાળાને ઊંડું - પહોળું કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. અગાઉની સમયમર્યાદા પૂર્ણ થતાં હવે ૨૮મી ફેબ્રુઆરી સુધી અહીં વાહનવ્યવહાર પર પ્રતિબંધ લંબાવી દેવાયો છે. સંતરામ રોડ ટ્રાફિક પોલીસ ચોકીથી મોટી શાક માર્કેટ અને વૈશાલી ગરનાળા થઈ વૈશાલી સિનેમા ત્રણ રસ્તા તરફ જતા તમામ વાહનો પર રોક લગાવવામાં આવી છે. વૈકલ્પિક માર્ગ તરીકે દેસાઈ વગો, ચકલાસી ભાગોળ, ગ્લોબ સિનેમા, ડુમરાલ બજાર અને વીકેવી રોડનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત મહાગુજરાત સર્કલથી પારસ સર્કલ અને કિડની ચોકડી રેલવે ઓવરબ્રિજ થઈને પણ પીપલગ રોડ તરફ જઈ શકાશે.

અલિન્દ્રા-ચકલાસી બ્રિજનું કામ ૩૧મી ડિસેમ્બર સુધી ચાલશે

નડિયાદ શાખા નહેરની સાંકળ ૮૪૮૦ ફૂટ પાસે અલિન્દ્રાથી સુરાશામળ અને ચકલાસીને જોડતો બ્રિજ જર્જરિત હોવાથી તેનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. જાહેર સલામતી માટે આ માર્ગ પર ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી વાહનોની અવરજવર બંધ રહેશે. આ રૂટના વાહનચાલકો માટે ઉત્તરસંડા ચકલાસી ચોકડીથી સોલાપુર ચોકડી થઈ નડિયાદ શાખા બ્રિજ મારફતે વણસોલ ચોકડી થઈ અલિન્દ્રા તરફ જવાનું ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

સલુણ-ફતેપુરા બ્રિજનું કામ ૩૦મી મે ૨૦૨૭ સુધી લંબાવાયું

નડિયાદ શાખા નહેરની સાંકળ ૧૦૧૪૭૪ ફૂટ પાસે સલુણથી ફતેપુરાને જોડતા માર્ગ પરના બ્રિજની કામગીરી ચાલુ હોવાથી વાહનવ્યવહાર પરનો પ્રતિબંધ ૩૦ મે ૨૦૨૭ સુધી યથાવત રાખવામાં આવ્યો છે. સલુણ અને ફતેપુરા વચ્ચે અવરજવર કરતા વાહનોએ હવે સલુણ ગામથી નડિયાદ શાખા નહેર બ્રિજ સાંકળ ૧૦૭૦૦ ફૂટ તરફના સર્વિસ રોડના વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો પડશે.

કપડવંજ : શિક્ષિકાને પતિએ મારઝુડ કરી ત્રાસ આપ્યો

મહીસાગર મહિલા પોલીસ મથકે પતિ સહિત સાસરિયાં સામે ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૪

વીરપુર ખાતે પિયર ધરાવતી અને કપડવંજમાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી પરિણીતાને સાસરિયાએ ત્રાસ આપ્યો હતો.

વીરપુરમાં રહેતા અને કપડવંજની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતા રેખાબેન (ઉ.વ. ૪૨) ના લગ્ન વર્ષ ૨૦૦૫માં બાયડ તાલુકાના ઈન્દ્રાણ કંપા ખાતે રહેતા રાજેન્દ્રસિંહ કુબેરસિંહ ચૌહાણ સાથે થયા હતા. આ લગ્નજીવન દરમિયાન તેઓને ત્રણ સંતાનો છે. જોકે, લગ્નના થોડા સમય બાદથી જ પતિ રાજેન્દ્રસિંહ ચૌહાણ અવારનવાર દારૂ પીને ઘરની નાની-નાની બાબતોમાં ઝઘડો કરી ત્રાસ આપતો હતો. આ દરમિયાન પતિને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો હોવાની રેખાબેનને જાણ થઈ હતી. પત્નીએ આ બાબતે પૂછપરછ કરતા પતિ તેમજ સાસુ-સસરાએ ઉશ્કેરાઈને અસહ્ય ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. પતિએ અનૈતિક સંબંધથી એક બાળકનો જન્મ થયો હોવાનું જણાવી તેનું જન્મ પ્રમાણપત્ર પણ બતાવ્યું હતું અને બીજી પત્ની લાવવાની તેમજ છૂટાછેડા આપી દેવાની ધમકીઓ આપી હતી. આખરે રેખાબેન પોતાના બાળકો સાથે પિયર વીરપુર આવી ગયા હતા. આ અંગે તેમણે મહીસાગર મહિલા પોલીસ મથકે પતિ રાજેન્દ્રસિંહ કુબેરસિંહ ચૌહાણ, સસરા કુબેરસિંહ કાળુસિંહ ચૌહાણ અને સાસુ રાધાબેન કુબેરસિંહ ચૌહાણ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદના બીએપીએસના વરિષ્ઠ સંતે મહાદેવ મંદિરે શિવપૂજન કર્યું

આણંદ બીએપીએસ. સ્વામિનારાયણ મંદિરના વરિષ્ઠ સંત ભગવદ્ચરણ સ્વામીએ પવિત્ર શ્રાવણ માસના સોમવારે પ્રસિદ્ધ ઓમકારેશ્વર મહાદેવ મંદિરે જઈ ભગવાન શંકરનું ભક્તિભાવપૂર્વક પૂજન કર્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે તેમણે મંદિરના ગર્ભગૃહમાં બિરાજિત શિવલિંગ પર કેસર જળ તથા દૂધનો અભિષેક કરી, ચંદનઅર્ચા કરી અને બિલીપત્ર-પુષ્પ ચડાવી આરતી કરી હતી. સ્વામીએ આરતી બાદ સૌની સુખાકારી માટે વિશેષ પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે તેઓની સાથે સાળંગપુરથી પધારેલા વેદાંતપ્રિય સ્વામી, આણંદ મંદિરના સંતો અને અન્ય હરિભક્તો પણ જોડાયા હતા. ભગવાન સ્વામિનારાયણે 'શિક્ષાપત્રી' ગ્રંથમાં અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે 'સત્સંગ દીક્ષા' ગ્રંથમાં શ્રાવણ માસમાં ભગવાન શિવનું પૂજન કરવાની કરેલી આજ્ઞા અનુસાર, દર વર્ષની પરંપરા મુજબ આ પૂજન વિધિ શ્રદ્ધાપૂર્વક સંપન્ન થઈ હતી

રઢું PHCમાં બાળકોની દવામાં જીવાંત દેખાઇ

ભારે હોબાળો થતાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગે સેમ્પલ લેબોરેટરીમાં મોકલ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૪

ખેડા જિલ્લાના રઢું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી નાના બાળકોને આપવામાં આવતી સરકારી દવામાંથી જીવતા કીડા નીકળ્યા હોવાનો વિડીયો વાયરલ થતાં ભારે ખળભળાટ મચી ગયો છે. બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થવાની આ અત્યંત સંવેદનશીલ ઘટના સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. આ ઘટનાની ગંભીરતા જોઈને નડિયાદના ફૂડ એન્ડ ડ્રગ વિભાગે તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે પહોંચીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

રઢું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે આવતા બાળકોને ઈન્ફેક્શન અને બીમારીની સારવાર માટે અપાતી દવાની બોટલ પર સ્પષ્ટપણે 'ગુજરાત સરકારના ઉપયોગ માટે, વેચાણ માટે નથી' તેમ લખેલું છે. સીલપેક બોટલની અંદર જીવતા કીડા અને દૂષિત કણો જોવા મળ્યા હોવાના ગંભીર આક્ષેપો લાભાર્થી દ્વારા કરવામાં આવ્યા છે. આથી, તબીબી તંત્રના અધિકારીઓએ આક્રોશિત લાભાર્થી અને ફરિયાદીની રૂબરૂ મુલાકાત લીધી હતી અને શંકાસ્પદ બોટલના સેમ્પલ કબજે કરીને વધુ ચકાસણી અર્થે સરકારી લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

આરોગ્ય વિભાગે સાવચેતીના પગલાંરૂપે શંકાસ્પદ બેચ નંબર CDC032A ની તમામ દવાઓ તમામ PHC માંથી તાત્કાલિક અસરથી પરત ખેંચી લેવા માટે સૂચનાઓ જારી કરી છે.

ગઠિયાએ નકલી ટ્રેનિંગ લેટર અને બોગસ આઈડી કાર્ડ પધરાવ્યા

રેલવેમાં નોકરીના બહાને યુવક સાથે ૫૫ હજારની છેતરપિંડી

બે શખસે રેલવે અધિકારી હોવાની ખોટી ઓળખ આપી છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદ જિલ્લાના પણસોરા ગામમાં રહેતા એક ખેડૂત યુવકને પશ્ચિમ રેલવેમાં કલાર્ક તરીકેની સરકારી નોકરી આપવાની લાલચ આપી, રેલવેના ઉચ્ચ અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી પદ્ધતિસર રીતે છેતરપિંડી આચરી હતી.

આણંદ જિલ્લાના પણસોરા ગામે ભગવતી ટ્વીન્સ ખાતે રહેતા ધવલકુમાર મોહનભાઈ પટેલને તેમના મિત્ર મારફતે સરકારી રેલવેમાં નોકરી અપાવતા એજન્ટોનો સંપર્ક થયો હતો. જેમાં અમદાવાદના તુષાર યોગેશ પુરોહિત અને ચકલાસી (નડીયાદ) ની સુલોચનાબેન કમલેશ પટેલ સાથે આણંદ સામરખા ચોકડી નજીક મુલાકાત કરી બેઠક યોજી હતી. આ મુલાકાત દરમિયાન તુષાર પુરોહિતે પોતે પશ્ચિમ રેલવે વિભાગમાં ફરજ બજાવતો હોવાનું કહી પોતાનું બોગસ રેલવે આઈડી કાર્ડ બતાવીને ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો.

બાદમાં ધવલકુમારના પત્ની અને અન્ય યુવાનો રેલવેમાં કોર્ટ કલાર્કની સરકારી નોકરી અપાવવાના બહાને ફોર્મ ભરવાની પ્રોસેસિંગ ફી, પરીક્ષા આપવા તેમજ અન્ય વહીવટી ખર્ચાઓ પેટે જુદી-જુદી તારીખે ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૫૫ હજાર ગુગલ પે તેમજ રોકડ સ્વરૂપે મેળવી લીધા હતા. આ છેતરપિંડીમાં ફરિયાદીને શંકા ન જાય તે માટે પશ્ચિમ રેલવેના નકલી સિક્કા મારેલા ખોટા ટ્રેનિંગ લેટર અને બોગસ આઈડી કાર્ડ પણ બનાવીને આપી દીધા હતા. જોકે, કોઈ સરકારી નોકરી ન મળતાં અને તપાસ દરમિયાન રેલવેની આ નોકરી અને તમામ દસ્તાવેજો તદ્દન નકલી અને બોગસ હોવાનું ખુલ્યું હતું.

આ અંગે ધવલકુમાર પટેલે આણંદ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આરોપી તુષાર પુરોહિત અને સુલોચનાબેન પટેલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કરમસદમાં સર્જરી વિના ૪ મહિનાના બાળકના મગજનો ગઠ્ઠો ઓગાળ્યો

એક સાથે મગજ, કિડની અને ફેફસાંની જીવલેણ બીમારીઓ સામે શિશુને ઉગાર્યું

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૪

ભાઈકાકા યુનિવર્સિટી સંચાલિત શ્રીકૃષ્ણ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં માત્ર ૪ મહિનાના શિશુને અત્યંત અસાધારણ અને જટિલ સારવાર આપીને નવું જીવન બક્ષવામાં આવ્યું છે. ગંભીર ન્યુમોનિયા, કિડની ફેલ્યોર, લોહીનો ચેપ, ગેંગરીન અને મગજ ખસી જવા જેવી એકસાથે ત્રાટકેલી અનેક જીવલેણ સ્થિતિઓ વચ્ચે બાળકે અદભુત રિકવરી મેળવી અખબારના પાને એક અનોખી સફળતા અંકિત કરી છે.

આ કેસમાં સૌથી વિશિષ્ટ અને મોટો પડકાર બાળકના મગજમાં લોહી જામી જવાને કારણે મગજનો ભાગ ૧૦ મિમી સુધી ખસી ગયો હતો તે હતો. સામાન્ય રીતે આવી સ્થિતિમાં અત્યંત જોખમી એવી ન્યુરોસર્જરી અનિવાર્ય બને છે. પરંતુ બાળકની નાજુક વય અને અન્ય નાજુક અંગોની સ્થિતિ જોતાં ન્યુરોસર્જરી વિભાગની

સલાહથી સર્જરી કર્યા વિના જ માત્ર દવાઓથી સારવાર કરવાનો અત્યંત સંવેદનશીલ અને સફળ નિર્ણય લેવાયો હતો.

આ નવજાત બાળકને બચાવવા માટે ૧૧ દિવસ સુધી વેન્ટિલેટર સપોર્ટ, હૃદયની સઘન દવાઓ, લોહી-પ્લાઝમા ચઢાવવા અને કિડનીની સારવાર માટે ડાયાલિસીસ જેવી અનેક પ્રક્રિયાઓ એકસાથે હાથ ધરાઈ હતી. આ જંગ જીતવા માટે બાળરોગ, પીડિયાટ્રિક આઈસીયુ, ન્યુરોસર્જરી, નેફ્રોલોજી, વાસ્ક્યુલર સર્જરી, ફિઝિયોથેરાપી અને ન્યુટ્રિશન જેવા ૭ નિષ્ણાત વિભાગોએ સંયુક્ત સંકલિત અભિગમ અપનાવ્યો હતો. બે મહિનાની રાત-દિવસની મહેનત બાદ બાળકની તબિયતમાં સંપૂર્ણ સુધારો થતાં તેને સ્થિર હાલતમાં રજા આપવામાં આવી છે.

ખંભાતની યુવતીને નવજીવન મળ્યું

તાવ અને બેભાન હાલતમાં હોસ્પિટલ લાવવામાં આવેલી ખંભાતની ૧૮ વર્ષીય યુવતીને તપાસતા મગજનો ગંભીર ટીબી (ટ્યુબરક્યુલસ મેનિન્જાઇટિસ) હોવાનું નિદાન થયું હતું. ન્યુરોલોજી અને ક્રિટિકલ કેર વિભાગના નિષ્ણાતો દ્વારા દર્દીને તાત્કાલિક સારવાર આપીને ૨૩ દિવસ સુધી વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. લાંબા સમયની શ્વસન સહાય માટે ટ્રેકિયોસ્ટોમી અને સર્વગ્રાહી સારવાર બાદ યુવતી સંપૂર્ણ સ્વસ્થ થતાં તેને સ્થિર સ્થિતિમાં રજા આપવામાં આવી છે. આ સમગ્ર જટિલ અને ખર્ચાળ સારવાર દર્દીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) હેઠળ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225